## વિહોતર ગૃપ ઓફ બનાસકાંઠા દ્વારા રામદેવરા જતા પદયાત્રિકો માટે સેવા કેમ્પનો પ્રારંભ

ડીસા, તા.૨૪

રાજસ્થાનના મારવાડ પંથકમાં બિરાજમાન રામદેવરાના સ્થાને ભાદરવા માસમાં મેળો ભરાતો હોય છે જેના દર્શન કરવા ગુજરાતભરમાંથી પદયાત્રિકો રામદેવરા જતા હોઈ રામદેવરા જતા રસ્તાઓ પર પદયાત્રિકોનો પ્રવાહ જોવા મળી રહ્યો છે અને પદયાત્રીકોની સેવા માટે વિવિધ સ્થળે સેવા કેમ્પો પણ શરૂ થયા છે. ત્યારે ડીસા નજીક આવેલ આખોલ ચાર રસ્તા પર દર વર્ષની જેમ આ વર્ષે પણ વિહોતર ગૃપ ઓફ બનાસકાંઠા દ્વારા આ વર્ષે પણ સેવા



કેમ્પનો શુભારંભ કરાયો છે ગત ૨૨મી ઓગસ્ટને બુધવારના રોજ બાબુભાઈ ભગત,રામસણ મેલડી ધામના ભુવાજી ગફુલભાઈ, ભુવાજી જીવરાજભાઈ, ભુવાજી વિનુભાઈ (ડેઢા)ના આશીર્વાદ સાથે આ સેવા કેમ્પની શરૂઆત કરાઈ હતી. રામદેવની આરતી અને પ્રસાદ સાથે સેવા કેમ્પનો શુભારંભ કરાયો હતો.આ પ્રસંગે વિહોતર ગૃપના પ્રમુખ નરસિંહભાઈ, ગોરસના પ્રમુખ ચેહરાભાઈ દેસાઈ સહિત બહોળી સંખ્યામાં રબારી સમાજના યુવાનો વડીલો સેવાભાવી કાર્યકરો હાજર રહ્યા હતા. આ કેમ્પમાં પદયાત્રિકો માટે ચા-પાણી અને બટાકા પૌંઆનો નાસ્તો તેમજ બે ટાઈમ મગનું શાક અને રોટલીના ભોજનની વ્યવસ્થા કરાઈ છે.આ ઉપરાંત પદયાત્રીકો માટે મેડીકલ સેવા અને આરામ કરવાની પૂરતી સગવડ પણ કરાઈ છે. રામદેવરા જતા પદયાત્રિકોને આ સેવા કેમ્પનો લાભ લેવા ખાસ અનુરોધ કરાયો છે



### મેઘરજના પુજાપુર ગામે ખેતરમાંથી ૮ ફૂટ લાંબો અજગર પકડાયો

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં જંગલમાં અજગરની પ્રજાતિ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. શિકારની શોધમાં અજગર ખેતરો અને રહેણાંક વિસ્તારો સુધી ધસી આવતા લોકોમાં ભારે અફડાતફડી ફેલાતી હોય છે. મેઘરજના પુજાપુર ગામ નજીક ખેતરમાં મહાકાય અજગરે દેખાદેતા ખેતરમાલિક સહીત ગામલોકો દોડી આવ્યા હતા. વનવિભાગને આ અંગે જાણ કરતા વનકર્મીઓ દોડી આવી ભારે જહેમત બાદ ૮ ફૂટ લાંબા અજગરે પકડી લીધો હતો અને સહીસલામત રીતે નારણપુરા ગામના જંગલમાં છોડી દીધો હતો. અજગર ઝડપાતા ખેતર માલિક અને ગામલોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## બનાસ ઘી શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત દૂધમાંથી પ્રક્રિયા કરીને શુદ્ધ વાતાવરણમાં બનાવાય છે

પાલનપુર, તા. ૨૩

બનાસ ડેરી દૂધમાંથી દૂધની બનાવટો બનાવતી એશિયાની સૌથી મોટી ડેરી છે. જેમાં દૂધ, ઘી, છાસ, દહીં, પનીર, આઈસ્ક્રીમ, બટર, પાવડર, યુ.એચ.ટી મિલ્ક અને ચીઝ વગેરે પ્રકારની બનાવટો બનાવીને બજારમાં વેચાણ કરવામાં આવે છે. દૂધમાંથી બનાવવામાં આવતી દૂધની બનાવટો શ્રેષ્ઠ હોય છે સાથે સાથે ગુણવત્તાયુક્ત પણ હોય છે.

બનાસ ડેરી હંમેશા ગ્રાહકોને શુદ્ધ અને વ્યાજબી ભાવે ચીજ વસ્તુઓ પૂરી પાડતી એક સહકારી સંસ્થા છે. આ આ સમયમાં નવરાત્રી અને દિવાળીના તહેવારો નિમિત્તે દેવી-દેવતાઓને નૈવેધ ધરાવવા તેમજ મહેમાનો માટે મિષ્ટાન્ન બનાવવા માટે ઘીની ખરીદી વધુ કરતાં હોય છે. ક્યારેક બજારમાં મળતું છૂટક તેમજ અન્ય બ્રાન્ડનું પેકિંગ ઘી સસ્તું મળે છે તેમ માનીને ખરીદી કરીએ છીએ પરંતુ સસ્તા ઘી માં પ્રાણીજન્ય પદાર્થો, વેજીટેબલ ઘી- ઓઈલ, બટાટાનો ભૂક્કો કે અન્ય અખાદ્ય પદાર્થો ભેળવવામાં આવતા હોય છે જેના કારણે બજારુ ઘી ખાવાથી ઝાડા-ઉલટી, ખાંસી, શરદી, તાવ કે કયારેક ગંભીર બિમારીઓના ભોગ બનવું પડતું હોય છે. સરવાળે આ સસ્તું ઘી ખરેખર આરોગ્યને તો બગાડે છે પણ સાથે સાથે મોઘું પણ પડે છે. ગ્રાહકોની માંગને લઈને આયુર્વેદમાં જેને અમૃત કહેવાય છે તેવું બનાસકાંઠાની ધરોહર સમાન છે દેશી કાંકરેજી ગાયના દૂધમાંથી બનાવેલ દેશી ગાયનું ઘી પણ બનાસ ડેરી દ્વારા વેચાણમાં મુકવામાં આવે છે.

બનાસ ઘી શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત દૂધમાંથી અલગ પ્રકિયા કરીને શુદ્ધ વાતાવરણમાં બનાવવામાં આવે છે જેમાં અન્ય કોઈ પણ પ્રકારની ભેળસેળ કરવામાં આવતી નથી તેમજ બજાર કરતાં તેનો ભાવ પણ ગુણવત્તાની દર્ષ્ટિએ વ્યાજબી હોય છે. બનાસ ડેરી નિર્મિત બનાસ ઘી જ વાપરવાથી અનેકગણો લાભ થાય છે. બનાસ ઘી ના નામે નકલી ઘી પણ કેટલાક તત્વો બનાવીને વેચે છે, તેવાથી છેતરાઈએ નહીં તે માટે બનાસ ઘી ના બનાસ ડેરી દ્વારા નીમેલા અધિકૃત વિક્રેતાઓ પાસેથી જ ‘બનાસ ઘી’ લેવું. બનાસ ડેરી દ્વારા નીમેલા અધિકૃત ‘બનાસ પાર્લર’ અને દૂધ મંડળીઓ પરથી બનાસ ઘી સરળતાપૂર્વક મળી રહે છે.

## મોડાસાના દધાલિયા રોડ પર એસટી બસ પલટી ખાતા ૫૦થી વધુ મુસાફરોનો આબાદ બચાવ

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જીલ્લાના મોડાસાના મરડીયાથી દધાલિયા સુધીનો માર્ગ થોડા સમય અગાઉ કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યો છે. પરંતુ રોડની પહોળાઈ ઓછી હોવાથી અકસ્માતની ઘટનાઓ છાસવારે બનતી રહે છે. મુસાફરોથી ખીચોખીચ ભરેલી એસટી બસના ચાલકે સામેથી આવતી બાઈકને સાઈડ આપવા જતા સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા રોડ બાજુમાં આવેલી ચોકડીમાં ખાબકતા મુસાફરો અને વિદ્યાર્થીઓએ ચીસાચીસ કરી મૂકી હતી. સદનસીબે મુસાફરોનો આબાદ બચાવ થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. ટૂંકા ગાળામાં અન્ય વધુ એક એસટી બસ પલટી જતા લોકોએ એસટી બસના ચાલકે બસ ધીમી ગતિએ હંકારવી જોઈએ અને રોડ જવાબદાર તંત્ર દ્વારા સત્વરે પહોળો કરવાની માંગ કરી હતી.



મોડાસા ઈસરી મોડાસા એસટી બસ શુક્રવારે સવારે ઈસરીથી ૫૦ થી વધુ મુસાફરો અને વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરેલી બસ દધાલિયા ગામ નજીક સામેથી આવતી બાઈકને સાઈડ આપવા જતા બસના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા બસ રોડ બાજુની ચોકડીમાં ધડાકાભેર ખાબકતા બસમાં મુસાફરી કરતા લોકોએ બુમાબુમ કરતા વાતાવરણ ચિચિયારીઓથી ગુંજી ઉઠ્યું હતું. અકસ્માતના પગલે ગામલોકો દોડી આવ્યા હતા અને બસમાં ફસાયેલ મુસાફરોને ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યા હતા.

### વગર વરસાદે લાખણી તાલુકાના નાંદલા ગામના અવાવરું કુવામાં

# અચાનક પાણી આવતા ચકચાર

### લોકોએ દેવીનો પરચો માની મંદિરની સ્થાપના કરી અને કુવામાં આવેલા પાણીના વધામણાં કર્યા





પાલનપુર, તા.૨૪

લાખણી તાલુકાના નાંદલા ગામના અવાવરું કુવામાં અચાનક પાણી આવતા કુતુહલ સર્જાયું હતું અને પાણી જોવા માટે ગામ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા છે.

આ વખતે બનાસકાંઠા જિલ્લામાં વરસાદની ખુબજ અછત જોવા મળી રહી છે અને લોકો કાગડોળે વરસાદની રાહ જોઈને બેઠા છે. વરસાદ ન આવતા ખેડૂતો પણ ચિંતાતુર બની ગયા છે તો બીજી તરફ લાખણી તાલુકાના નાંદલા ગામના ૧૨૦ વર્ષ જુના અવાવરું કુવામાં અચાનક ૭ ફૂટ જેટલું પાણી આવતા આવતા કુતુહલ સર્જાયું.

નાંદલા ગામમાં આવેલો ગામ કૂવો અંદાજે ૧૨૦ વર્ષ જૂનો છે કુવામાં પાણી ન હોવાથી ગામલોકો પણ આ કુવા નજીક જતા ન હતા અને અને કૂવો બંધ હાલતમાં પડ્યો હતા. આ કૂવાની બાજુમાં એક મંદિર પણ આવેલું છે લોકો મંદિરે પણ અવર-જવર ઓછી કરતા હતા પરંતુ આ વર્ષે તો વરસાદ પણ ખુબજ ઓછો પડ્યો છે અને દુષ્કાળ જેવી પરિસ્થિતિ નો સામનો કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે પરંતુ આ કુવામાં અચાનક ૭ ફૂટ થી વધારે પાણી આવતા ગામમાં ભારે ચકચાર મચી જવા પામી છે અને કૂવાની આજુ બાજુ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા છે અને લોકો કુવા માંથી પાણી બહાર કાઢી પાણી ના વધામણાં કરી રહ્યા છે તો બીજી તરફ ગામ લોકોનું માનવું છે કે આ કુવામાં ની બાજુમાં બિરાજમાન દેવી નો પરચો છે અને પરચા રૂપે કુવા માં પાણી આવ્યું છે તો ગામલોકો એ માતાજી ની પણ સ્થાપના કરી હતી અને પૂજા અર્ચના કરી હતી વગર વરસાદે કુવામાં પાણી આવતા ચકચાર મચી છે તો બીજી તરફ લોકો આ પાણી ને દેવી નો પરચો સમજી વધામણાં કરી રહ્યા છે અને મંદિર ની સ્થપા કરી પૂજા પણ કરી રહ્યા છે.

### ધનસુરા તાલુકા નિવૃત્ત પેન્શનરો જોગ

ધનસુરા, તા. ૨૪

ધનસુરા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની યાદીમાં જણાવ્યા મુજબ વર્ષ ૧૯૮૭થી ૧૯૯૪ના વર્ષોમાં નિવૃત્ત કર્મચારીઓ તેમજ ૧૯૯૪ થી ૨૦૦૫ ડિસેમ્બર સુધીના કર્મચારીઓએ પોતાની અસલ પેન્શન બુક અને ઝેરોક્ષ તથા ઝેરોક્ષ સર્વિસ બી તેમજ ૨૦૧૪માં કરાવેલ રિવાઈઝ પેન્શનની કોપી વિગેરે સાહિત્ય તા. ૩૧-૮-૨૦૧૮ સુધીમાં ગોવિંદભાઈ એસ. પટેલ મંત્રીને દર્શી અમુલ પાર્લર-પરમ કોમ્પલેક્ષ તલોદ રોડ ધનસુરા ખાતે આપવી જેથી સરકારશ્રીના એપ્રિલ -૨૦૧૮ના પરિપત્રનો લાભ મેળવવા માટેની કાર્યવાહી થઈ શકે. અસલ સર્વિસબુક તેમજ ૨૦૦૦-૩૫૦૦ અથવા ૨૨૦૦-૪૦૦૦નું ઉચ્ચત્તર પગાર ધોરણ મળેલ હોવું જોઈએ. જેમાં એલ.એફ. કચેરી અને જિ.શિ. કચેરીના કે તાલુકા વિ. અધિકારીના સહિસિક્કાવાળી માન્ય ગણાશે. જેની નોંધ લેવી. આ બાબતે પ્રમુખ હસમુખભાઈ/મંત્રી અને હોદ્દેદારો અને કારોબારી સભ્યોનો સંપર્ક પણ કરી શકશો જેથી સંપૂર્ણ માહિતી મળી શકશે. સાથે સાથે બેંકની પાસબુકની નકલ પહેલા પાનાની પણ લાવવી.

### ધનસુરાની એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે આવનારા રક્ષાબંધન પર્વ નિમિત્તે ઉજવણી કરાઈ

ધનસુરા, તા. ૨૪

ધનસુરામા આવેલ એસીઈ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે આવનાર રક્ષાબંધનના તહેવાર નિમિત્તે રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી. બહેનોએ ખૂબ ભાવથી ભાઈઓને રાખડીઓ બાંધી હતી. અને ભાઈઓએ બહેનોને ભેટ આપી હતી. શાળાના બાળકોએ ખૂબ ઉત્સાહથી આ પર્વને માણ્યું હતું. સ્કૂલના પ્રિન્સિપાલ રાજકુમારી એચ. રાઠોડ સ્કૂલના શિક્ષકોએ કાર્યક્રમમાં બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

### પાલનપુરના બેચરપુરા વિસ્તારના એક મકાનમાં તસ્કરો ત્રાટક્યા

પાલનપુર બેચરપુરા વિસ્તારમાં એક મકાનમાં ગુરૂવારની રાત્રીના સમયે તસ્કરો ત્રાટક્યા હતા.અને મકાનની બારીની ગ્રીલતોડી અંદર પ્રવેશ કરી મકાનમાં પડેલી તિજારીમાંથી રોકડ રકમ રૂ.૧.૯૮ લાખનો મુદ્દામાલ ચોરી પલાયન થઈ ગયા હતા.જેની જાણ મકાન માલીકને થતા પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. બનાસકાંઠામાં લુંટ,ચોરી, મારામારીના બનાવો ચિંતાજનક હદે વધી રહ્યા છે. ત્યારે શુક્રવારે રાત્રે પાલનપુર બેચરપુરાની સ્ટેટ બેન્ક સોસાયટીની બાજુમાં આવેલ આસોપાલવ સોસાયટીમાં રહેતા યોગેશભાઈ નરસિંહભાઈ પટેલના મકાનની બારીની ગ્રીલતોડી અંદર પ્રવેશ કર્યોહતો.



### સ્વચ્છ ભારત અભિયાનને વેગ આપતું ડીસા શહેરનું તરૂણસાગર યુવા ગ્રુપ

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને વિવિધ ફલક પર નિહાળવાની નેમ લીધી છે જેના ભાગરૂપે સૌપ્રથમ રાષ્ટ્રપિતા ગાંધીજીના આદેશને અપનાવી સ્વચ્છતા અભિયાન ચલાવાઈ રહ્યું છે ત્યારે ‘સ્વચ્છતા ત્યા પ્રભુતા‘ ના ધ્યેય સાથે મુની તરૂણસાગર યુવા ગ્રુપ આ અભિયાનને અનોખી રીતે ચલાવી યુવાનોમાં તેમજ લોક જાગૃતિ ફેલાવવામાં મહત્વનું યોગદાન આપી રહ્યું છે. ડીસા શહેરમાં જૈન મુનિ શ્રી કરુણાસાગર યુવા ગ્રુપના કાર્યકરોએ ડીસા નગરપાલિકાના સહયોગથી સ્વતંત્રતા દિનના દિવસે ડીસા નગરપાલિકાની હદ વિસ્તારમાં વોર્ડ નંબર ૧ થી ૧૧ માં આક્રમક સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. આ ઝુંબેશમાં યુવા ગ્રુપના યુવક-યુવતીઓ તથા વિદ્યાર્થીઓએ સાથે મળી નગરપાલિકાના સફાઈ કર્મીઓ તેમજ ચીફ ઓફિસરની આગેવાનીમાં સ્વચ્છતા પર ભાર મૂકી સ્વચ્છ ડીસાના અભિયાનને સાર્થક બનાવ્યુ હતું. ડીસા નગરપાલિકા દ્વારા રાખેલી કચરાપેટીમાં સુકો તથા ભીનો કચરો નાંખી સ્વચ્છ ડીસા શહેર બનાવવાના આ અભિયાનમાં ડીસા નગરપાલિકાએ પણ સરાહનીય સહયોગ આપ્યો હતો.

### ડીસાની ડીએનપી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં રક્ષાબંધન પર્વની ઉજવણી

બનાસકાંઠાના ડીસા ખાતે બ્રહ્માકુમારીઝ સંસ્થા અને ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ. યુનિટના સંયુક્ત ઉપક્રમે રક્ષાબંધન પર્વની આગોતરી ઉજવણી કરાઈ હતી.આ પ્રસંગે કોલેજના વિદ્યાર્થીઓને રક્ષાબંધન પર્વના મહાત્મ્ય તેમજ ભાઈની રક્ષા કાજે બંધાતી રાખડીના મુલ્ય વિશે કોલેજ પરિવારે વિદ્યાર્થીઓને જ્ઞાનસભર માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ સંસ્થાના ડીસા સેવા કેન્દ્રના સંચાલિકાએ પણ વિધાર્થીઓને રક્ષાબંધન વિશે ઉપયોગી માર્ગદર્શન આપી સંસ્થાની કામગીરી અંગે પણ જરૂરી માહિતી પુરી પાડી હતી. ત્યારબાદ કોલેજના એન.એસ.એસ યુનિટની બહેનોએ કોલેજના ભાઈઓને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

## પાલનપુર નગરપાલિકા સમિતિનું કોકડું ગૂંચવાયું

### કાયદાકીય પ્રક્રિયા અનુસર્યા વિના થયેલ રચના રદબાતલ કરવા માંગ : વિપક્ષના નેતાએ કાયદાકીય ગૂંચ કાઢી કમિટીઓની રચના ગેરકાયદે હોવાની કરી રજુઆત

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાની વિવિધ કમિટીઓની રચનામાં થયેલા અન્યાય સામે ૧૩ સભ્યોએ બગાવત કરી ચેરમેનપદે થી રાજીનામાં ધરી દીધા છે. જોકે, કમિટીઓની રચના જ કાયદાકીય પ્રક્રિયાને અનુસર્યા વિના થઈ હોઈ કમિટીઓને રદબાતલ ઠેરવવાની માંગ સાથે વિપક્ષના નેતા પણ મેદાનમાં ઉતરતા કમિટી રચનાનું કોકડું વધુ ગૂંચવાયું છે.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકામાં તાજેતરમાં વિવિધ કમિટીઓની રચના કરાઈ હતી. જેમાં ૨ કમિટીઓ રિપીટ કરવા સહિત જુના જોગીઓ સહિત પક્ષનિષ્ઠ નગરસેવકોની બાદબાકી કરાતા કમિટી રચનાથી નારાજ શાસક પક્ષના જ ૧૩ અસંતુષ્ટ નગરસેવકોએ બળવાનું બ્યુગલ ફૂંકતા ચેરમેનપદેથી રાજીનામાં ધરી દેતા ભાજપ છાવણીમાં ખળભળાટ મચી ગયો છે.

જોકે, આ પ્રકરણમાં હવે નવો વિવાદ ઉભો થયો છે. પાલિકાના વિપક્ષના નેતા અમૃત જોશીએ કરેલી લેખિત રજૂઆત મુજબ, જનરલ બોર્ડમાં કમિટીઓની રચના ટાણે કાયદાકીય પ્રક્રિયાને અનુસરવામાં આવી નથી. જેથી કમિટીઓની ગેરકાયદેસર થયેલી રચના રદબાતલ કરવા તેઓએ પાલિકા પ્રમુખ સહિત ચીફ ઓફિસર સમક્ષ માગણી કરી છે. ત્યારે વિપક્ષના નેતાની આ હરકતથી ભાજપના બાગી નેતાઓ ગેલમાં આવી ગયા છે. અને વિપક્ષના નેતાની આ હરકત પાછળ શાસક પક્ષના સભ્યોનો જ દોરીસંચાર હોવાનું મનાઈ રહ્યું છે. ત્યારે ભાજપ મોવડી મંડળ માટે કમિટી રચનાનું કોકડું વધુ ગૂંચવાયું છે.

#### કલમ-૫૫ શું કહે છે ???

પાલિકાના કાયદાની કલમ ૫૫ મુજબ, કમિટીઓની રચના થાય ત્યારે ચેરમેનના નામને દરખાસ્ત અને ટેકો આપનારનું નામ જાહેર કરવું પડે અને કમિટીના સભ્યોના નામ પણ વંચાણે લેવા પડે. પરંતું આવી કોઈ પ્રક્રિયા જનરલ બોર્ડ માં થઈ નથી. જેથી તમામ કમિટી ઓ નન એન્ડ વોઈડ એટલે કે રદબાતલ જ થાય તેવું કાયદો કહેતો હોવાનું ટાંકીને વિપક્ષના નેતાએ તમામ કમિટીઓની રચના રદબાતલ કરવાની માંગ કરતા ચકચાર મચી જવા પામી છે.

#### વિવાદ પ્રદેશમાં પહોંચ્યો

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાની વિવિધ કમિટીઓને લઈને ભાજપી નગરસેવકોમાં ફેલાયેલી અસંતોષની આંધી પ્રદેશ કક્ષાએ પહોંચી છે. ભાજપના સદસ્યતા વૃદ્ધિ અભિયાનના પ્રારંભ ટાણે પાલનપુર પધારેલા પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલે પણ બાગી નગરસેવકોને સાંભળ્યા હતા. ત્યારે કમિટી વિવાદનો ઉકેલ લાવવામાં ૨ રિપીટ થયેલી કમિટી ઓમાં ફેરબદલ સાથે નાના મોટા ફેરફારો થવાની શક્યતાઓ વચ્ચે કમિટીઓની મુદત ટૂંકાવીને સવા વર્ષની કરી પાછળના સવા વર્ષમાં અસંતુષ્ટ નગરસેવકોનો સમાવેશ કરવાનું આશ્વાસન આપી મામલો થાળે પાડવાના પ્રયાસો હાથ ધરાયા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

## કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની સાધારણ સભા યોજાઈ

કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની સાધારણ સભા યોજાઈ હતી. જેમાં પ્રમુખ સ્થાનેથી રજૂ કરવામાં આવેલા મુદ્દાઓમાં વિકાસના કામોને પ્રાધાન્ય આપતા તેમજ સદસ્યોને ફાળવવામાં આવતી વિકાસની ગ્રાન્ટમાં રૂપિયા પાંચ લાખનો વધારો કરવા સહિતના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

કૉંગ્રેસ શાસિત બનાસકાંઠા જીલ્લા પંચાયતની સાધારણ સભામાં સૌ પ્રથમ ભારત રત્ન પૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ અટલ બિહારી બાજપાઈજીને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાજલિ અર્પવામાં આવી હતી. જે બાદ બહુમતીથી ગત સામાન્ય સભાની કાર્યવાહીને બહાલી, અમલવારીની નોંધને બહાલી આપવામાં આવી હતી. સાથે સભ્ય જેસીંગભાઈ ગલસર અને બબીબેન ધેંગાભાઈ પરમારના પ્રશ્નોના ઉત્તર અપાયા બાદ જુદીજુદી સમિતિઓની બેઠકની કાર્યવાહી નોંધ



વંચાણે લઈ બહાલી અપાઈ હતી.

અંતમાં પ્રમુખ સ્થાનેથી જુદાજુદા ૧૩ મુદ્દાઓ બહુમતીના જોરે પસાર કરવામાં આવ્યા હતા. જેમાં સદસ્યોની વિકાસની ગ્રાન્ટ અત્યારસુધી રૂપિયા દસ લાખ હતી. તેમાં પાંચ લાખનો વધારો કરવા સહિત પાલનપુર તાલુકાના ગઢને અલગથી તાલુકાનો દરજજો આપવો, વર્ગ ત્રણ અને ચારના કર્મચારીઓને બઢતી આપી નવા કર્મચારીઓની ભરતી કરવી, જિલ્લા- તાલુકા પંચાયતમાં દૂરના સ્થળે જે કર્મચારીઓ ફરજ બજાવે છે તેમને વતનનો લાભ આપવા માટે નજીકના સ્થળે બદલી કરવી, જિલ્લામાં પ્રાથમિક શાળાના જે મકાનો જર્જરિત બની ગયા છે.